# ગુજરાત વિધાનસભા

-----------

## પંદરમી વિધાનસભા

## ચોથું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

બુધવાર, ૦૭ ફેબ્રુઆરી, ૨૦૨૪

બપોરે ૧૨:૦૦ વાગ્યે

૧. <u>પ્રશ્નોત્તરી</u>

<u>તારાંકિત પ્રશ્નોત્તરી</u>

(૧) માનનીય ઉદ્યોગ, લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ, કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી

(૨) માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા, મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી

૨. <u>તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)</u>

(૧)

નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ધ્યાન દોરશે:-

તાજેતરમાં વડોદરામાં પાદરાના એકલબારા ગામની સીમમાં આવેલી "ઓનીરો લાઇફ કેર" કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ થતાં ત્રણ કામદારોના મોત નિપજ્યા છે અને પાંચ જેટલા કામદારો ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર હેઠળ છે. ત્યારે અસરગ્રસ્તો અને કામદારોમાં ઔદ્યોગિક તાલીમ અને સલામતી સામે રોષ અને ભયની લાગણી પ્રસરી છે તે નિવારવા અને મૃતકોના પરીવારજનો અને અસરગ્રસ્તોને શ્રમિક કાયદા અન્વયે સહાય ચૂકવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં

૩. <u>વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો</u>

(૧)

ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ

<u>......માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ</u>

(૨)

નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

<u>......માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી જગદિશ વિશ્વકર્મા</u>

(૩)
ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક વહીવટી અને ઓડીટ અહેવાલ

**......માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૪)
ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના સન ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૧૯ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**......માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૧)સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૨) સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૫)
ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૨૦-૨૧ના વાર્ષિક હિસાબો અને ઓડીટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**......શહેરી ગૃહનિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

## ૪. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

(૧)
બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

**.....સમિતિના માનનીય પ્રમુખશ્રી/સભ્યશ્રી**

## ૫. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી /સભ્યશ્રીનો પ્રસ્તાવ

(૧) " આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય. "

## ૬. માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાનો સંકલ્પ (નિયમ-૧૨૦) (૯૦ મિનિટ)

(૧)
રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦માં શિક્ષણ વ્યવસ્થા અને શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શિત કરતા મૂળભૂત સિદ્ધાંતો સમાવવામાં આવ્યા છે. જે પૈકીનો એક સિદ્ધાંત વિદ્યાર્થીઓમાં ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર, પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ તથા જ્ઞાનની પ્રણાલીઓ તેમજ પરંપરાઓ પ્રત્યે ગર્વ અને જોડાણની લાગણી ઉદ્ભવે તેવો પ્રયાસ કરવા પર ભાર મૂકે છે. તેના અનુસંધાને રાજ્યની શાળાઓના વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસાથી પરિચિત થાય અને ભારતીય હોવા પર ગર્વ અનુભવે તે માટે વિદ્યાર્થીઓના રોજિંદા જીવન અને શાળાકીય અનુભવોમાં ભારતીય સંસ્કૃતિનું જોડાણ થાય તે જરૂરી છે. આ જોડાણ

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં મદદરૂપ બને તે રીતે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપ્રણાલીનો શાળાકીય અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઈએ. જે બાબત ધ્યાનમાં રાખીને શાળા શિક્ષણમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપ્રણાલીનો સમાવેશ કરવા માટે રાજ્યની શાળાઓમાં ધોરણ-૬ થી ૧૨ માં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતોનો બાળકોને સમજ અને રસ પડે તે પ્રમાણે પરિચય કરાવવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. જે મુજબ ધોરણ-૬ થી ૮ માં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પરિચય સર્વાંગી શિક્ષણ વિષયના પાઠ્યપુસ્તકમાં વાર્તા અને પઠન-પાઠન વગેરે સ્વરૂપે આપવામાં આવશે. ધોરણ-૯ થી ૧૨ માં શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પરિચય પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકમાં વાર્તા અને પઠન-પાઠન વગેરે સ્વરૂપે આપવામાં આવશે.

ભારતીય વિચાર પરંપરામાં શ્રીમદ્ ભગવદ્ ગીતાની લોકપ્રિયતા અપૂર્વ છે. આ અપૂર્વ અને અદ્વિતીય સ્થિતિ પ્રાપ્ત થવાના અનેક કારણ છે. આ ગ્રંથનો આનંદ અબાલવૃધ્ધોએ અનેક પેઢીઓથી મેળવ્યો છે. આમાં શ્રીકૃષ્ણ અને અર્જુન એ બે પાત્રો અતિ મોહક છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ઉપદેશ એવા સુકોમલ અવસર પર કરવામાં આવ્યો છે, જ્યારે દેશ નહીં પણ, ધર્મનું અસ્તિત્વ પણ સંકટમાં હતું. આ ગ્રંથ સંવાદાત્મક શૈલીમાં છે. આ ગ્રંથની મહાન આકર્ષકતા માટે માત્ર તેના બાહ્યગુણ પૂરતા નથી, એમાં એક સર્વકાલીન અને સાર્વજનિક વિશિષ્ટ સંદેશો છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના આદેશ અનુસાર સ્વધર્મનિષ્ઠાથી પરમેશ્વરની આરાધનાથી પ્રત્યેક વ્યક્તિ પોતાના ઈષ્ટદેવની કૃપા પ્રાપ્ત કરી શકે છે તેમજ પોતે પ્રગતિ કરીને કૃતાર્થ(ધન્ય) બની શકે છે. આ ગ્રંથ આરંભથી અંત સુધી સહિષ્ણુતાની ભાવનાથી ઓતપ્રોત છે. જે ભારતીય જ્ઞાનધારા-વિચારધારાનું મુખ્ય લક્ષણ છે. આથી જ ગીતાનો યુગધર્મપ્રવર્તક, અપરિવર્તનીય અને સનાતનશાસ્ત્ર તરીકે સ્વીકાર થયો છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાએ ભારતના સંતો અને ક્રાંતિકારીઓને તો દિશા આપી જ છે સાથે સાથે શ્રીમદ્ ભગવદ્ ગીતાની અસર આધુનિક અને પશ્ચિમી વિચારકો ઉપર પણ ઘણી છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા એ એવો ગ્રંથ છે જેને કોઈ સીમાડા નથી. રાજ્ય સરકાર દ્વારા શાળાકીય શિક્ષણના ધોરણ-૬ થી ૧૨ ના અભ્યાસક્રમમાં "ગીતા સાર" નો સમાવેશ કરવા અંગેનો નિર્ણય કરવામાં આવેલ છે. જેની અમલવારી સંપૂર્ણ અને અસરકારક રીતે થાય તે માટે જરૂરી હોય તે તમામ પગલાં ભરવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

## ૭. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

(૧)

| પ્રભારી મંત્રીશ્રી | પૂરક માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | પૂરક માગણીની રકમ રૂ. | પૂરક પત્રક પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| **મહેસૂલ વિભાગ** | | | | | |
| મુખ્યમંત્રીશ્રી | ૭૯ | કુદરતી આફતો અંગે રાહત | મહેસૂલ | ૧૨,૪૭,૬૨,૬૨,૦૦૦ | ૧૩૬ અને ૧૩૭ |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** | | | | | |
| મુખ્યમંત્રીશ્રી | ૧૦૨ | શહેરી વિકાસ | મહેસૂલ | ૯,૫૩,૬૯,૬૫,૦૦૦ | ૨૧૧ થી ૨૧૬ |
| | | | મૂડી | ૨,૩૮,૩૪,૫૧,૦૦૦ | |
| **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ** | | | | | |
| સહકાર મંત્રીશ્રી(રા.ક.) | ૫ | સહકાર | મહેસૂલ | ૧,૩૪,૪૭,૮૧,૦૦૦ | ૫ થી ૭ |
| | | | મૂડી | ૪,૦૦,૦૦૦ | |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** | | | | | |
| આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી | ૩૯ | તબીબી અને જાહેર આરોગ્ય | મહેસૂલ | ૩,૧૬,૦૫,૦૦,૦૦૦ | ૬૭ અને ૬૮ |
| | | | મૂડી | ૪,૧૪,૪૨,૩૨,૦૦૦ | |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ** | | | | | |
| ઉદ્યોગ મંત્રીશ્રી | ૪૯ | ઉદ્યોગો | મહેસૂલ | ૯,૧૬,૫૬,૧૦,૦૦૦ | ૮૬ અને ૮૭ |

વિધાનસભા ગૃહ
ગાંધીનગર
તારીખઃ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૪

ડી. એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા